# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-05-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી મોદીએ કહ્યું,-ઓપરેશન સિંદૂરને હાલ પૂરતું મુલતવી રાખવામાં આવ્યું.

2) ભારત અને પાકિસ્તાન વચ્ચે ગઈકાલે DGMO સ્તરની વાટાઘાટો યોજાઈ.

3) ભારતે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ અટકાવ્યાના દાવાને નકારી કાઢ્યો.

4) ભારતીય જનતા પાર્ટી આજથી દેશભરમાં 11 દિવસની તિરંગા યાત્રા શરૂ કરશે.

5) BCCIએ IPL 17 મે-એ ફરી શરૂ થવાની જાહેરાત કરી.

.........................................................................

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM ADDRESS-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ઓપરેશન સિંદૂરને અસ્થાયી રીતે સ્થગિત કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે આગામી દિવસોમાં અમે આતંકવાદ પ્રત્યેના તેના વલણના આધારે પાકિસ્તાનના દરેક પગલાની સમીક્ષા કરીશું.

ગઈકાલે વીડિયો કોન્ફરન્સ દ્વારા રાષ્ટ્રને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે ઓપરેશન સિંદૂરના પ્રથમ ત્રણ દિવસમાં પાકિસ્તાને તેની અપેક્ષા કરતાં વધુ વિનાશ સહન કર્યો છે. ભારતની આ આક્રમક કાર્યવાહી બાદ પાકિસ્તાન તણાવ ઘટાડવાના રસ્તાઓ શોધવાનું શરૂ કર્યું અને સમગ્ર વિશ્વને વધતા તણાવથી રાહત મેળવવા માટે અપીલ કરી રહ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારે નુકસાન સહન કર્યા પછી, 10 મેના રોજ, પાકિસ્તાની સેનાએ અમારા ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ - DGMO નો સંપર્ક કર્યો. શ્રી મોદીએ કહ્યું કે પાકિસ્તાને ખાતરી આપી હતી કે તે ભારત સામે કોઈ આતંકવાદી પ્રવૃત્તિ અને લશ્કરી કાર્યવાહી કરશે નહીં.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ઓપરેશન સિંદૂર ફક્ત એક નામ નથી, તે દેશના કરોડો લોકોની લાગણીઓનું પ્રતિબિંબ છે. તેમણે ઓપરેશન સિંદૂરને ન્યાયની અખંડ પ્રતિજ્ઞા ગણાવી.

<u>(બાઇટ- નરેન્દ્ર મોદી ઓપરેશન સિંદૂર)</u>

શ્રી મોદીએ તેમના સંબોધનમાં ભારતના ત્રણ મુખ્ય સુરક્ષા સ્તંભોનો ઉલ્લેખ કર્યો જેમાં પહેલો સ્તંભ નિર્ણાયક બદલો છે. તેમણે કહ્યું કે જો ભારત પર

આતંકવાદી હુમલો થશે તો તેનો યોગ્ય જવાબ આપવામાં આવશે. બીજો એ છે કે ભારત કોઈપણ પરમાણુ ધમકીઓ સહન કરશે નહીં કારણ કે ભારત પરમાણુ ધમકીઓથી ડરતું નથી. શ્રી મોદીએ કહ્યું કે ત્રીજો સ્તંભ એ છે કે ભારત આતંકવાદના પ્રાયોજકો અને આતંકવાદીઓ વચ્ચે કોઈ ભેદ પાડશે નહીં, કારણ કે ભારત હવે આતંકવાદને સમર્થન આપતી સરકાર અને આતંકવાદના માસ્ટર્સને અલગ રીતે જોશે નહીં. પ્રધાનમંત્રીએ કહ્યું કે આતંકવાદના તમામ સ્વરૂપો સામેની લડાઈમાં એકતા ભારતની સૌથી મોટી તાકાત છે. પ્રધાનમંત્રીએ સશસ્ત્ર દળો, સેના, ગુપ્તચર એજન્સીઓ અને વૈજ્ઞાનિકોને સલામ કરી. તેમણે ઓપરેશન દરમિયાન સશસ્ત્ર દળોની હિંમત અને બહાદુરીને દેશની દરેક માતા, બહેન અને પુત્રીને સમર્પિત કરી.

<u>(બાઇટ- નરેન્દ્ર મોદી ZERO TOLLERENC)</u>

પાકિસ્તાન પર કટાક્ષ કરતા શ્રી મોદીએ કહ્યું કે ક્યાંય પણ બનતી આતંકવાદી ઘટનાઓના પાકિસ્તાનમાં બહાવલપુર અને મુરીદકે જેવા આતંકવાદી ઠેકાણાઓ સાથે જોડાયેલી છે. તેમણે કહ્યું કે ભારતીય દળોને આતંકવાદીઓનો નાશ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી છે

<u>(બાઇટ- નરેન્દ્ર મોદી POK)</u>

# SHAH JAISHANKAR NADDA – PM

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે રાષ્ટ્ર આપણા સશસ્ત્ર દળોની અપ્રતિમ બહાદુરીને સલામ કરે છે. તેઓ આપણા દુશ્મનોનો નાશ કરનાર અને ભારતની

ઢાલ છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે પહેલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોને ન્યાય અપાવવામાં તેમના અનુકરણીય નેતૃત્વ બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અભિનંદન આપ્યા. તેમણે કહ્યું કે શ્રી મોદીએ વારંવાર સાબિત કર્યું છે કે ભારતના કોઈ પણ દુશ્મનને બક્ષી શકાય નહીં. શ્રી શાહે સરહદ સુરક્ષા દળના બહાદુર કર્મચારીઓની પણ પ્રશંસા કરી.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે પણ પ્રધાનમંત્રીના રાષ્ટ્રને સંબોધનની પ્રશંસા કરી અને તેને પ્રેરણાદાયક ગણાવ્યું. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે સરકારે ઓપરેશન સિંદૂર દ્વારા પોતાનું વચન પૂર્ણ કર્યું છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડાએ પ્રધાનમંત્રીના સંબોધનની પ્રશંસા કરતાં કહ્યું છે કે પ્રધાનમંત્રીએ ઓપરેશન સિંદૂર હેઠળ ભારતીય સશસ્ત્ર દળોની બહાદુરીનો ઉલ્લેખ કરીને ફરી એકવાર પાકિસ્તાનને ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે વડા પ્રધાને કહ્યું કે જો પાકિસ્તાન સાથે કોઈ વાતચીત થશે તો તે ફક્ત આતંકવાદ અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર પર જ થશે. શ્રી નડ્ડાએ કહ્યું કે ભારતે સમગ્ર વિશ્વને બુદ્ધનો સંદેશ આપ્યો છે પરંતુ શાંતિનો માર્ગ શક્તિમાંથી પસાર થાય છે.

# DGMO-TALKS

ભારત અને પાકિસ્તાન વચ્ચે ગઈકાલે સાંજે ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ-ડીજીએમઓ સ્તરની વાતચીત થઈ હતી.

ભારતીય સેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે બંને પક્ષો ગોળીબાર નહીં કરવાઅને  એકબીજા સામે કોઈ આક્રમક અને પ્રતિકૂળ કાર્યવાહી નહિ કરવા સમંત થયા હતા. આ ઉપરાંત બંને પક્ષોએ સરહદો સહિતના વિસ્તારોમાંથી

સૈનિકોની સંખ્યામાં ઘટાડો સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક પગલાં લેવા પણ સંમતિ વ્યક્ત કરી. ભારતીય સેનાએ કહ્યું છે કે હાલમાં સરહદી વિસ્તારોમાં કોઈ ડ્રોન કાર્યવાહી જોવા મળી નથી અને પરિસ્થિતિ સામાન્ય અને નિયંત્રણમાં છે.

# MEA - INDIA US TRADE

ભારતે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આ દાવાને નકારી કાઢ્યો છે કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ અટકાવ્યો હતો અને કહ્યું હતું કે તેઓ બંને દેશો સાથે ઘણો વેપાર કરવા જઈ રહ્યા છે. વિદેશ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે નવમી મેના રોજ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વચ્ચે થયેલી વાતચીતમાં વેપારનો કોઈ ઉલ્લેખ નહોતો. સૂત્રોએ જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર શરૂ થયા બાદ અમેરિકાના વિદેશ સચિવ માર્કો રુબિયોએ 8 અને 10 મેના રોજ વિદેશમંત્રી ડૉ. જયશંકર અને 10 મેના રોજ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે પણ વાત કરી પરંતુ તેમાં પણ વેપારનો કોઈ ઉલ્લેખ નહોતો.

એક પત્રકાર પરિષદમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેમણે ભારત અને પાકિસ્તાન સાથે વેપાર વધારવાનું વચન આપ્યું હતું, ત્યારબાદ બંને દેશો યુદ્ધવિરામ પર સંમત થયા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

## BJP - TIRANGA YATRA

**ઓપરેશન સિંદૂરની સફળતા બાદ ભારતીય જનતા પાર્ટી આજથી દેશભરમાં 11 દિવસની તિરંગા યાત્રા શરૂ કરશે. આ દરમિયાન લોકોને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારના મજબૂત નેતૃત્વ અને સશસ્ત્ર દળોની બહાદુરી વિશે જણાવવામાં આવશે. સમાજના અગ્રણી સભ્યો, ભૂતપૂર્વ સૈનિકો અને સામાજિક કાર્યકરો પણ આ યાત્રામાં ભાગ લેશે આ યાત્રા 23 મે સુધી ચાલુ રહેશે. પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું કે આ અભિયાનનું સ્વરૂપ સંપૂર્ણપણે રાજકીય નહીં હોય અને તેઓ એવા મુદ્દા પર લોકોને એક કરવા માંગે છે જેને સમાજના તમામ વર્ગોનો ટેકો હોય.**

# J&K- SCHOOLS

જમ્મુ અને કાશ્મીર સરકારે આજથી જમ્મુ અને કાશ્મીર વિભાગના બિન-સરહદી જિલ્લાઓમાં શાળાઓ અને કોલેજો ફરીથી ખોલવાનો નિર્ણય લીધો છે. શિક્ષણ મંત્રી સકીના ઇટુએ સોશિયલ મીડિયા પોસ્ટમાં આ જાહેરાત કરી. સરહદ પારથી ગોળીબારની તાજેતરની ઘટનાઓ બાદ પરિસ્થિતિની વ્યાપક સમીક્ષા કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ અને સ્ટાફની સુરક્ષા માટે સાવચેતીના પગલા તરીકે સરહદી વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહેશે.

# IPL

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ- BCCI એ ઇન્ડિયન પ્રીમિયર લીગ-IPL 17મે ના રોજ ફરી શરૂ થવાની જાહેરાત કરી છે. ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કર્યા પછી નવ મે ના રોજ IPL ટુર્નામેન્ટને એક અઠવાડિયા માટે સ્થગિત કરવામાં આવી હતી.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર 17મે ના રોજ બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે કોલકાતા નાઈટ રાઇડર્સ સામે ટકરાશે. મોહાલી અને ધર્મશાળામાં IPL 2025ની કોઈ મેચ રમાશે નહીં. પંજાબ કિંગ્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચેની મેચ, જે પહેલા અમદાવાદમાં રમવાની હતી, હવે 26મે ના રોજ જયપુરમાં રમાશે.

IPLની ફાઇનલ હવે ત્રણ જૂને રમાશે, જ્યારે પ્લેઓફ 29મે થી રમાશે. પ્લેઓફ મેચ ક્યાં રમાશે તેની જાહેરાત પછીથી કરવામાં આવશે. પ્લેઓફ 29મે ના રોજ પ્રથમ ક્વોલિફાયર સાથે શરૂ થશે, બીજી ક્વોલિફાયર એક જૂને યોજાશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નીકીતા શાહ

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે દેશને સંબોધન કર્યું તે સમાચારને તમામ અખબારોએ મુખ્યશીર્ષકમાં સ્થાન આપ્યું છે.

2) ગુજરાત સમાચારનું શીર્ષક છે – સલામ સેનાને, યશસ્વી કામગીરી: દુનિયામાં ડંકો વગાડ્યો

3) સંદેશ લખે છે - પાણી અને લોહી એકસાથે વહી શકે નહીં: મોદી

4) દિવ્ય ભાસ્કરનું શીર્ષક છે - ન્યૂક્લિયર બ્લૅકમેલ સહન નહીં કરીએ: મોદી

5) નવગુજરાત સમય લખે છે- ટેરર, ટ્રેડ અને ટૉક એક સાથે ના થઈ શકે : પીએમ મોદી

6) આ સાથે શેરબજારમાં ઉછાળાના સમાચારને તમામ અખબારોએ મુખ્ય પાના પર સમાવ્યા છે

7) ભારત પાકિસ્તાન સંઘર્ષને અટકાવ્યો હોવાના અમેરિકી રાષ્ટ્રપતિના દાવા અંગે ગુજરાત સમાચાર લખે છે- ભારત-પાકિસ્તાન સાથે વેપાર નહીં કરવાની ધમકી આપી પરમાણુ યુદ્ધ અટકાવ્યું :ટ્રમ્પ

8) દિવ્ય ભાસ્કરનું શીર્ષક છે - ટ્રમ્પએ કહ્યું- વેપારની વાત કહીને યુદ્ધ અટકાવ્યું, ભારતે કહ્યું-દાવો ખોટો

9) અન્ય સમાચારોમાં ગુજરાત સમચારે ભારતે ચીનમાંથી આયાત થતાં ઉત્પાદનો પર પાંચ વર્ષ માટે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદીને સમાવ્યા, તો સંદેશે - યુદ્ધવિરામ થતાં 32 એરપોર્ટ પર ઉડ્ડયન સેવા ફરી શરૂ થઈ તે સમાચારને સ્થાન આપ્યું .

10) સ્થાનિક સમાચારોમાં ગુજરાતના 20 જિલ્લામાં હજી બે દિવસ માવઠાની આગાહી, યુદ્ધવિરામની સતત ત્રીજી રાતે પણ કચ્છમાં વિવિધ સ્થળે ડ્રોન દેખાયા, સરહદી જિલ્લામાં પૂર્વવત્ થતું જનજીવન: તંત્ર એલર્ટ જેવી હેડ લાઇન જોવા મળી .